# અમદાવાદમાં કોરોનાનો કહેર : ૫૪૫ કેસ

## ગુજરાતમાં નવા કેસ સાથે સંખ્યા વધીને હવે ૯૨૯ : વડોદરામાં ૧૨૮, સુરતમાં ૮૮ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૧૬૩ પોઝિટિવ કેસ

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદમાં ગુરુવારના દિવસે નવા ૫૩ કેસોની સાથે કુલ ૫૮ ના કેસો નોંધાતા ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૯૨૯ ઉપર પહોંચી હતી. આજે ગુરુવારના દિવસે ૫૮ કેસો નોંધાયા હતા પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૩ નવા કેસો ગુજરાતમાં સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા ૯૨૯ પર પહોંચી છે. કોરોના સામે જંગ જિત્યા બાદ ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૭૩ ઉપર પહોંચી છે. હજુ પણ આઠ લોકો વેન્ટીલેટર પર છે. ૮૧૨ લોકો સ્થિરત સ્થિતિમાં છે. ૩૬ના મોત ગુજરાતમાં થઈ ચુક્યા છે.

આજે એક પણ વ્યક્તિનું મોત થયું ન હતું જ્યારે ડિસ્ચાર્જ કરાયેલા લોકોની સંખ્યા નવ નોંધાઈ હતી. આજે ગુરુવારના દિવસે જે નવા ૫૮ કેસ આવ્યા હતા તે પૈકી ૩૪ પુરુષ અને ૨૪ મહિલાઓનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૧૬૩ પોઝિટિવ અને ૧૫૪૩ નેગેટિવ કેસો નોંધાયા છે જ્યારે ગુજરાતમાં હજુ સુધી ૨૦૯૦૩ જેટલા ટેસ્ટ કરાયા છે જે પૈકી ૯૨૯ પોઝિટિવ કેસો આવ્યા છે. નેગેટિર પરીક્ષણની સંખ્યા ૧૯૯૭૪ રહી છે. આજે અમદાવાદમાં ૫૩ નવા કેસો નોંધાયા હતા. આની સાથે જ કેસોની સંખ્યા અમદાવાદમાં ઝડથી વધીને ૫૪૫ પર પહોંચી છે અને મોતનો આંકડો અમદાવાદમાં ૧૭ પર પહોંચ્યો છે.

અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજયમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યા ૫૪૫ ઉપર પહોંચી ચુકી છે જ્યારે એકલા અમદાવાદમાં ૧૭ લોકોના મોત થઈ ચુક્યા છે.

જે વિસ્તારમાં વધુ કેસો નોંધાઈ રહ્યા છે તેના પર તંત્રની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજયમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે.

લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. નિષ્ણાતોના કહેવા મુજબગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે અહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આજે દેશમાં લોકડાઉનને ત્રીજી મે સુધી વધારી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ હવે લોકોને હાલમાં ઘરમાં જ રહેવાની ફરજ પડી શકે છે. અમદાવાદ શહેર આસપાસ શિલજ સર્કલ, સનાથન ચોકડી, હાથીજણ, બાકરોલ, કમોડ, અસલાલી બ્રિજ, વકીલ બ્રિજ બોપલ ખાતે પણ ચકાસણી કરવામાં આવી રહી છે.રાજ્યમાં ૧૦૫ નવા કેસો સપાટી પર આવ્યા છે તેમાં સુરતમાં ૩૫ નવા કેસો નોંધાયા છે. નર્મદામાં ચાર કેસો સપાટી પર આવ્યા છે. હજુ સુધીના આંકડા પર ધ્યાન આપવામાં આવે છે. હોમ કોરેન્ટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૨૭૭૪ રહી છે. જ્યારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૯૬૫ રહી છે. કુલ કોરોન્ટાઈન દર્દીઓની સંખ્યા ૧૪૯૦૬ રહી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૫૪૫ | વડોદરા ૧૨૮ | સુરત ૮૮ | રાજકોટ ૨૮ | ગાંધીનગર ૧૭ | ભાવનગર ૨૬ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૪ | પાટણ ૧૫ | કચ્છ ૦૪ | છોટાઉદેપુર ૦૫ |
| પંચમહાલ ૦૬ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૨૫ | ભરૂચ ૧૩ |
| દાહોદ ૦૨ | નર્મદા ૦૬ | બોટાદ ૦૧ | બનાસકાંઠા ૦૬ | ખેડા ૦૨ | અરવલ્લી ૦૧ |

# અરવલ્લીમાં આંતરરાજ્ય અને જિલ્લામાંથી લોકોની બેરોકટોક અવર-જવર યથાવત

અરવલ્લી જીલ્લાની આંતરરાજય અને જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી હોવાના સતત દાવાઓ થઈ રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં અન્ય રાજ્યો અને જીલ્લામાંથી લોકો વાહનો મારફતે આબાદ પહોંચી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર માટે પણ અન્ય રાજ્ય અને જીલ્લામાંથી વિવિધ વાહનો અને પગપાળા પહોંચતા લોકો અને શ્રમિકોનો પ્રવેશ કોયડારૂપી બની રહ્યો છે. ધનસુરા પોલીસે ઉત્તર પ્રદેશના ડાલામાં જઈ રહેલા ૧૧ શખ્સોને દબોચી લીધા હતા. ભિલોડા પોલીસે રાજસ્થાનના ડુંગરપુરથી ભિલોડા વિસ્તારમાં આવેલા ૪ લોકો અને અમદાવાદથી આવેલા ૨ મહિલા વિરુદ્ધ જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી હાથ ધરી છે. માલપુર પોલીસે દોઢ વર્ષથી અપહરણ અને પોસ્કો અને બળાત્કારના ગુન્હામાં નાસતો ફરતો સુરેશ સાબુભાઈ કોટવાળને દબોચી લીધો હતો.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો હજુ એકપણ કેસ નહિ નોંધાતા અરવલ્લી જિલ્લાના અને ધંધા-રોજગાર અર્થે અન્ય રાજ્યો અને જીલ્લામાં સ્થાયી થયેલા લોકો અરવલ્લી જીલ્લાની વાટ પકડી છે.



એનકેન પ્રકારે લોકોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. સલામત જીલ્લાવાસીઓના સ્વાસ્થ્ય માટે ખતરો ઉભો કરી રહ્યા છે ધનસુરા પીએસઆઈ કે.એસ. સિસોદિયાએ પીકઅપ ડાલામાં પસાર થઈ રહેલા ઉત્તરપ્રદેશના જોનપુરના વીરેન્દ્ર અચ્છેલાલ નિશાદ (રહે,વડાગામ), ભોલા ફુલચદં નિશાદ, રંજન રવિન્દ્ર નિશાદ, મંગલ લક્ષ્મણ નિશાદ, નાન્હેલાલ કાંતાલાલ નિશાદ, વિમલ તીરથ ગોડ, સોહન અશોકભાઈ નિશાદ, આનંદ બાસવાન નિશાદ, વિવેક નાન્હેલાલ નિશાદ, દિપક નાન્હેલાલ નિશાદ, પરદેશી લાલચંદ નિશાદ (રહે , તમામ યુ.પી)ની અટકાયત કરી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે ડુંગરપુરથી ભિલોડાના કલ્લેકા ગામમાં પહેંચેલ રમેશ છગનભાઈ ચામઠા, રેખાબેન રમેશભાઈ ચામઠા, કિરણ સબુરભાઈ ચામઠા, મંજુલાબેન કિરણભાઈ ચામઠા અને નાંદોજ ગામે અમદાવાદ જીલ્લામાંથી આવેલ અરખીબેન વિનોદભાઈ વણકર અને તરુણાબેન વિનોદભાઈ વણકર વિરુદ્ધ જીલ્લા કલેકટરના જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### દાંતાના કુંવારસી ગામે સસ્તા અનાજની દુકાનનો પરવાનો રદ કરાયો

રાજયમાં હાલમાં કોરોના વાઈરસની મારામારીને પગલે લોકડાઉન છે. ત્યારે સરકાર દ્વારા ગરીબ વર્ગના લોકોને મફતમાં અનાજ વિતરણની કામગીરી ચાલી રહી છે. કપરા સમયે પણ કાળા બજારીયાઓ દ્વારા ગરીબોનો મોઢાનું કોળિયો છીનવીને પોતાના ઘર ભરવાનો કાળો કારોબાર યથાવત હોવાનું માનવામાં આવી રહ્યું છે. ત્યારે દાંતાના કુંવારસી ગામે સસ્તા અનાજની દુકાનમાં ગ્રાહકોને ઓછો જથ્થો મળતો હોવાની રાવને પગલે મામલતદારે તપાસ કરતાં ઉચાપત જણાઈ આવતાં પુરવઠા વિભાગે એક મહિના માટે રદ કરી આ દુકાનના ગ્રાહકોને અન્ય દિન દયાલ ગ્રાહક ભંડારની દુકાનમાંથી પુરવઠો આપવાનું આયોજન કર્યુ છે. બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની બારોબાર હેરાફેરી કરી ગરીબોના મોઢાનો કોળિયો છીનવી લેતા કાળા બજારીયાઓ કોરોના વાયરસની આવી મહામારીના કપરા સમયમાં પણ લોકો સુધી અનાજ પહોંચવા દેતા ન હોવાની લોકોની મદદ કરવાને બદલે સરકાર દ્વારા જે મફતમાં અનાજ વિતરણ થઈ રહ્યું છે.

# લોકડાઉન દરમિયાન બિમાર બાળકને લઈ માતા-પિતાને ડીસા સુધી પગપાળા જવું પડ્યું

### રાણપુરના ફિમેલ હેલ્થ વર્કરે ફરજમાં બેદરકારી દાખવતા નોટીસ ફટકારી

ડીસા, તા. ૧૬

ડીસા તાલુકાના રાણપુર આથમણા વાસના આરોગ્ય સબ સેન્ટર ખાતે ફરજ પરના ફિમેલ હેલ્થ વર્કરે બાળકને સારવાર કરવાની ના પાડી દેતાં મામલો ઉચ્ચસ્તરે પહોચ્યો છે. આથી ડીસા તાલુકા હેલ્થ અધિકારી દ્વારા એફએચડબલ્યુને નોટીસ ફટકારવામાં આવી છે.




ડીસાના રાણપુર આ.વાસ ગામના રાજુભાઈ હરજીભાઈ પરમારનું ત્રણ માસનું બાળક બિમાર પડતાં ગામમાં આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ ગયા હતા પરંતુ ફરજ પરના ફિમેલ હેલ્થ વર્કર કૈલાશબેન એલ. દલિતે કહેલ કે હાલમાં કોઈ સ્ટાફ હાજર નથી અને અમારે રજા છે. જેથી તમો બાળકને ડીસા ખાતે સારવાર માટે લઈ જવાનું કહેતાં લોકડાઉન દરમ્યાન પિડીત બાળકને લઈ ડીસા ખાતે ચાલતાં જવું પડયું હતું. આથી સરપંચ ચંદાબેન ઠાકોરે જીલ્લા કલેકટર અને તાલુકા હેલ્થ અધિકારીને લેખિત રજૂઆત કરતા આરોગ્ય વિભાગ દ્વારા ફરજમાં બેદરકારી દાખવવા બદલ નોટિસ ફટકારવામાં આવી છે.

આ અંગે ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. જે.એચ. હરીયાણીએ જણાવ્યું હતું કે કોરોના વાયલસને લીધે વૈશ્વિક મહામારી ચાલી રહી છે. ત્યારે રાણપુર પેટા આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવતાં ફિમેલ હેલ્થ વર્કરે ફરજમાં બેદરકારી દાખવતા નોટીસ આપવામાં આવી છે.

# મોડાસામાં ઘઉંની ખરીદી કરનાર વેપારીનું વે બ્રિજના વજનમાં સેટિંગ કરી ખેડૂતોને લૂંટવાના કૌભાંડનો પર્દાફાશ

મોડાસા માર્કેટયાર્ડમાં કેટલાક લેભાગુ વેપારીઓ એનકેન પ્રકારે ખેડૂતો સાથે છેતરપિંડી કરતા હોવાની અગાઉ અનેક બૂમો ઉઠી છે ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં હરાજીમાં એક વેપારી ખેડૂતોને ખેતપેદાશનો અન્ય વેપારી કરતા થોડો ભાવ વધુ આપ્યા પછી વે બ્રિજમાં વજનમાં સેટિંગ કરી ખેડૂતોને લૂંટવામાં આવતા જાગૃત ખેડૂતના પગલે વેપારીની પોલ ખુલી જતા ભારે હોબાળો થયો હતો. વેપારીએ વે બ્રિજનો વાયર નીકળી ગયો હોવાનું કહી સમગ્ર ઘટના પર પડદો પાડવા માર્કેટયાર્ડના લોકોને સાથે રાખી જથ્થાના પુરેપુરા ચૂકવી દેતા હોબાળો સમી ગયો હતો. વેપારીની ખેડૂતોને લૂંટવાની આદત યથાવત રહેતા થોડા દિવસ અગાઉ આ વેપારીને સીધો માલ વેચવા પહોંચેલા ખેડૂત સાથે વે બ્રિજમાં સેટિંગ કરી વજન ઓછું બતાવતા ખેડૂતોએ હોબાળો મચાવી માર્કેટયાર્ડના સત્તાધીશોને જાણ કરતા મોડાસા માર્કેટયાર્ડ વેપારીનું લાયસન્સ સ્થગિત કરી દીધું છે. ભારતીય કિસાન સંઘે વેપારીની ખેડૂતોને લૂંટવાની કરતૂત અંગે રાજ્ય સરકારમાં



લેખિત રજુઆત કરી છે.

મોડાસા માર્કેટયાર્ડમાં ખરીદીનું લાયન્સ ધરાવતા યુકે ઈન્ડસ્ટ્રીઝ-જ્યોતિ રાઈસ મિલ નામની પેઢી ધારક વેપારીએ હરાજીમાં ખરીદ કરેલી ખેત પેદાશોને તેની પેઢીમાં લઈ જઈ તેના મિલમાં આવેલ વે-બ્રિજના વજન કાંટામાં સેટિંગ કરી ખેડૂતોને ઓછો જથ્થો દર્શાવી છેતરપિંડી કરી રહ્યો હતો. ૨૦ માર્ચે હરાજીમાં એક ખેડૂતના ઘઉં ખરીદી કરી તેની મિલ પર લઈ ગયો હતો તેના વે બ્રિજ પર વજન કરતા ઘઉંના વજનનો જથ્થો ઓછો બતાવતા જાગૃત નાગરિકે હોબાળો મચાવતા વેપારીની પોલ ખુલી જતા ખેડૂતને ઘઉંના જથ્થાની પુરેપુરી ચુકવણી કરી દીધી હતી. આ અંગે મોડાસા માર્કેટયાર્ડને જાણ કરવામાં આવતા વેપારીને તેના વે બ્રિજ પર તોલમાપ ન કરવા તાકીદ કરી બંધ કરાવ્યો હતો અને માર્કેટયાર્ડ તપાસ હાથ ધરી હતી. વેપારીએ માર્કેટયાર્ડને અંધારામાં રાખી તેની મિલમાં આવેલ વે બ્રિજના વજન કાંટા પર વજન કરી ઘઉંની ખરીદી શરુ કરતા થોડા દિવસ અગાઉ ખેડૂતો સાથે વજનકાંટામાં ગરબડી ઉભી કરી ઓછું વજન દર્શાવી લૂંટ ચાલુ કરતા ખેડૂતો વજનમાં આબાદ છેતરાતા હોવાનો અહેસાસ થતા હોબાળો મચાવતા લાલચુ વેપારીએ ખેડૂતને પુરેપુરા નાણાં ચૂકવી દીધા હતા. ખેડૂતે આ અંગે મોડાસા માર્કેટયાર્ડમાં જાણ કરતા માર્કેટયાર્ડના સત્તાધીશોએ વેપારીનું લાયસન્સ સ્થગિત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કિસાન સંઘે અત્યાર સુધી આ વેપારીની છેતરપિંડીનો ભોગ બનેલા ખેડૂતોનું લિસ્ટ માંગી ન્યાય અપાવવા રાજ્યસરકારમાં રજુઆત કરી છે. વર્ષે દહાડે ખેડૂતો સાથે છેતરપિંડી કરી આ લેભાગુ વેપારી લાખ્ખો કરોડો રૂપિયા ખિસ્સામાં સેરવી લેતા હોવાની ખેડૂત આલમમાં ચર્ચા ચાલી રહી છે. ખેડૂતના અનુસાર એક ટ્રેક્ટર દીઠ ૧૦થી ૨૦ મણ ઓછો જથ્થો બતાવે તેવું વે બ્રિજમાં સેટિંગનો આક્ષેપ યુકે ઈન્ડસ્ટ્રીઝમાં ખેડૂતોને લૂંટવા માટે વે બ્રિજના વજન કાંટામાં ટ્રેક્ટર દીઠ ૧૦થી ૨૦ મણ સુધી વજન ઘટ બતાવે તે રીતે છેડછાડ કરી ખેડૂતોને આર્થિક રીતે લૂંટવામાં આવી રહ્યા હોવાનો ખેડૂતે આક્ષેપ કર્યો હતો.

### અંતે નિર્ણય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રિમિયર લીગના ટીમ માલિકો, બ્રોડકાસ્ટરો, સ્પોન્સરો અને સ્ટોક હોલ્ડરોને માહિતી આપી દીધી છે. બીસીસીઆઈના સચિવ જય શાહે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, કોરોના વાયરસમાં ફેલાવવાને રોકવા માટે ભારત સરકાર દ્વારા લાગૂ કોવિડ-૧૯ અને લોકડાઉન ઉપાયોના સંદર્ભમાં વિકસિત વૈશ્વિક આરોગ્ય ચિંતાઓના કારણે બીસીસીઆઈની આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે નિર્ણય કર્યો છે કે, આઈપીએલ-૨૦ સિઝનને મોકૂફ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રની સુરક્ષા અને આરોગ્ય અમારા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. બીસીસીઆઈ ફ્રેન્ચાઈઝીસ માલિકો અને અન્યોને માહિતી આપી દીધી છે. આઈપીએલ-૨૦૨૦નું આયોજન એજ વખતે કરવામાં આવશે જ્યારે માહોલ યોગ્ય છે તેની ખાતરી થશે. દેશમાં લોકડાઉન વધારી દેવામાં આવ્યા બાદ એપ્રિલ-મે મહિનામાં લીગ યોજવાની સંભાવના રહી ન હતી. જો કે, બોર્ડે ટુર્નામેન્ટ માટે કોઈ નવા વિન્ડો ઘોષિત કર્યા નથી. બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલી અને સચિવ જય શાહ સરકારના નિર્દેશોની રાહ જોઈ રહ્યા છે.

### વિકાસ દર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિશામાં એશિયન દેશો અન્ય દેશોની તુલનામાં ખુબ સારો દેખાવ કરી રહ્યા છે. આ દેશો તેજીથી વાપસી પણ કરી શકે છે. એશિયા અને પ્રશાંત વિભાગના આઈએમએફના નિર્દેશક ચાંગ યોંગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એશિયામાં કોરોના વાયરસની અસર દરેક ક્ષેત્રમાં દેખાશે. ગંભીર અને અભૂતપૂર્વ તેની અસર રહેશે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, એશિયા હજુ પણ અન્ય દેશોની સરખામણીમાં સારી કામ કરી રહ્યું છે. ઝડપથી વાપસી કરવાની દિશામાં છે. એશિયામાં સરેરાશ વૃદ્ધિદર અન્ય ક્ષેત્રોની સરખામણીમાં વધારે છે. એશિયામાં વૃદ્ધિદર ૨૦૨૧માં વધીને ૭.૬ ટકા રહેવાની અપેક્ષા છે. તેમણે કહ્યું છે કે, આનો મતલબ એ નથી કે, સમગ્ર નુકસાનની ભરપાઈ તરત થઈ જશે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અભૂતપૂર્વ મંદીની અસર એશિયા પર પણ રહેશે આનાથી સમગ્ર ૨૦૨૧ના ગાળા દરમિયાન પણ ઉત્પાદનના સ્તર પર માઠી અસર થશે.

### મુંબઈમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્રમાં આજે કોરોનાના ૧૬૪ નવા કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા ૩૦૦૦ના આંકડાને પાર કરી ગઈ હતી. મહારાષ્ટ્રમાં મોતનો આંકડો ૧૮૭ના આંકડાને પાર કરી ગયો છે. ૧૧ નવા કેસોમાંથી ચાર ધારાવીના મુકુંદનગર, બે-બે સોસલનગર અને રાજીવનગરમાં બન્યા છે. સાઈરાજ નગરમાં એક કેસ સપાટી પર આવ્યો છે. રામજી ચાલીમાં એક કેસ સપાટી પર આવ્યો છે. મોતના આંકડાની વાત કરવામાં આવે તો ૮ના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ મુંબઈના સ્લમ એરિયા ધારાવીમાં કોરોનાના વધતા મામલાની વચ્ચે બીએમસીની ઉંઘ હરામ થઈ ગઈ છે. ૧૫ લાખની વસ્તીવાળા આ વિસ્તારમાં કોરોના ફેલાઈ જવાનો ખતરો સૌથી વધારે દેખાઈ રહ્યો છે. બીએમસીની ઉંઘ હરામ થઈ ગઈ છે. ધારાવીને કોરોના વાયરસના પ્રકોપથી બચાવવા માટે બીએમસી દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે. આ પ્લાના ભાગરુપે ડોક્ટર, નર્સ અને મેડિકલ ડિપાર્ટમેન્ટ સામેલ છે.

### 'જીનોમ'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે તો વાઈરસને કેવી રીતે ટેકલ કરવો, તેને હેન્ડલ કરવો જેથી તેની રોગ પ્રસરવાની તીવ્રતા છે તેને કેવી રીતે ઘટાડી શકીએ કે નાબૂદ કરી શકીએ એ સમજી શકીએ છીએ. તેની સામે કોઈ દવા આપણે બનાવી હોય તો તે દવા અસરકારક રહેશે કે નહીં કોમ્પ્યુટર લેવલે તેને ચકાસી શકીએ છીએ. કોમ્પ્યુટર લેવલે ચકાસ્યા પછી તેને લેબોરેટરી લેવલે ચકાસી શકીએ છીએ. ત્યારબાદ તેને એક્ચુઅલ ટ્રાયલમાં લઈ શકીએ છીએ. જ્યાં સુધી આપણી પાસે તેના ન્યુક્લિક એસિડની સંરચના હાજર હોય તેને કોમ્પ્યુટર લેવલે દવા કામ કરશે કે નહીં તે લેબોરેટરીમાં પ્રયોગ કરીએ જે તે સમયે એક કમ્પાઉન્ડ કે બે કમ્પાઉન્ડ કે પાંચ કમ્પાઉન્ડનો પ્રયત્ન કરી શકીએ છીએ. તેની સામે જીનોમ સંરચના આપણી પાસે હાજર હોય તો કોમ્પ્યુટર લેવલે જ આપણે હજારો નહીં પણ મિલિયન્સ ઓફ કમ્પાઉન્ડ એની સાથે ટેસ્ટ કરી શકીએ. ટેસ્ટ બાદ કયું કમ્પાઉન્ડ કામ કરશે તેને નેરોડાઉન કરીએ અને જે ઈફેક્ટવલી કમ્પાઉન્ડ મળે એને જ આપણે લેબોરેટરી લેવલે લઈ શકીએ છીએ જેમાં આપણને સફળ થવાના ચાન્સિસ છે.

### ટેસ્ટીંગનું પ્રમાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગુજરાતમાં પણ પ્રતિદિન કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. જેના લીધે આરોગ્ય વિભાગની ચિંતા ઘેરી બની છે. આવા સંજોગોમાં ગાંધીનગરમાં પણ કોરોનાના રોગચાળાને અનુલક્ષીને લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે.ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૭ દર્દીઓ નોંધાયા છે. જયારે ગાંધીનગરમાં કોરોનાના લીધે એક દર્દીનુ મૃત્યુ નિપજયુ છે. આ ઉપરાંત ૮ દર્દીઓ રીકવર પણ થઈ ગયા છે. આવા સંજોગોમાં કોરોનાનો રોગચાળો શહેરી વિસ્તારમાં વધુ વકરે નહીં તે માટે આરોગ્ય તંત્રએ વધુ સજાગ થવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જિલ્લાના ગામો તેમજ શહેરી વિસ્તારમાં કોરોનાને અનુલક્ષી પુરતા ટેસ્ટીંગ ન થતા હોવાનો આક્રોશ પણ વ્યકત થઈ રહ્યો છે. હોટ સ્પોટ વિસ્તારમાં કોરોનાના ટેસ્ટીંગનુ પ્રમાણ સ્વાભાવિક જ વધુ છે. પરંતુ ગાંધીનગર આસપાસના ગામો તેમજ શહેરમાં પણ વધુ ટેસ્ટીંગ કરવા અનિવાર્ય છે.

### કેદ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિપડાને શુટ ગનથી બેભાન કરીને ન પકડવામાં આવ્યો હોત તો ચબરાક દિપડો વનતંત્રના અધિકારીઓને ચકમો આપી પલાયન થઈ જાત તેવી પણ સંભાવના હતી જયારે દિપડો પાંજરામાં કેદ થઈ જતા તંત્રના અધિકારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે. પકડાયેલા દિપડાના મામલે વનતંત્ર એમ પણ માની રહ્યુ છે કે બે મહીના અગાઉ નદી કીનારાના ગામોમાં દિપડો ફરતો હોવાની વિશેષ ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે શહેર નજીકના બોરીજ , પાલજ બાસણ, પીંડરડા અને પેથાપુર ગામ સહીત શહેરના સે-૮ માં પણ દિપડો જોવા મળ્યો હોવાની વાત કાને સંભળાઈ હતી.

### લોદરા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં એક્સ રે પાડી જોતાં ફેફસામાં બંને બાજુ ઈન્ફેકશન લાગતાં તેઓને વધુ સારવારં અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જયાં તેઓને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી રીપોર્ટ કરતાં આજરોજ તેમને કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યા હતો. ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, જિલ્લા આરોગ્ય ટીમ દ્વારા માણસા તાલુકાના લોદરા ગામને આજથી હોટ સ્પોટ જાહેર કરી દેવામાં આવ્યો છે. કન્ટેન્ટમેન્ટ ઝોન અને બફર ઝોનનું મેપિંગ કરી સ્થાનિક આરોગ્ય ટીમ દ્વારા ઉક્ત વિસ્તારમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. સોડિયમ હાઈપોકલોરાઈડ સોલ્યુશન સ્પ્રે કરવાની કામગીરી કરવામાં જણાવવામાં આવ્યું હતું. આ કામગીરી સતત ત્રણ દિવસ સુધી કરવામાં આવશે. લોદરાના હોટ સ્પોટ વિસ્તારમાં કુલ- ૧૨ ટીમ બનાવી કુલ – ૮,૮૨૮ ની વસ્તીનો હાઉસ ટુ હાઉસ સર્વે શરૂ કરવામાં આવ્યો છે. ઉક્ત હોટ સ્પોટ વિસ્તારમાં આ સર્વે આગામી ૧૪ દિવસ સુધી નિયમિત રીતે કરવામાં આવશે. આરોગ્ય ટીમો દ્વારા ઉક્ત વિસ્તારમાં જનજાગૃતિ અર્થે આઈ.ઈ.સી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર એક રજીસ્ટર નિભાવવું જેમાં બહારથી આવેલા લોકોના નામ, ક્યાંથી આવે છે સહિતની ટ્રાવેલ હિસ્ટ્રીની વિગતોની નોંધ કરવી અને સ્થાનીક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સ્થાનિક આરોગ્ય કાર્યકરને તે વિગતો વખતોવખત મોકલી આપવી.